# અલ્હાબાદ દુર્ઘટનાનો મૃતાંક ૩૯

અલ્હાબાદ,તા. ૧૧

અલ્હાબાદના રેલવે સ્ટેશન ઉપર થયેલી ભાગદોડમાં મોતનો આંકડો વધીને ૩૯ ઉપર પહોંચી ગયો છે. કુંભના મેળાક્ષેત્રથી બહાર થયેલી ભાગદોડ માટે ઘણા કારણોને જવાબદાર ઠેરવવામાં આવી રહ્યા છે. એમ માનવામાં આવે છે કે મોટી સંખ્યામાં લોકો સ્ટેશન ઉપર પહોંચી ગયા હતા જેથી આ બનાવ બન્યો હતો. બીજી બાજુ વહીવટી તંત્રમાં સંકલનના અભાવથી પણ કેટલાક લોકોના મોત થયા છે. નજરે જોનાર લોકો સાથે વાતચીત, ઘટના સ્થળના પ્રવાસ અને માહિતીગાર લોકો સાથે વાતચીત કરવામાં આવ્યા બાદ એવું જાણવા મળ્યું છે કે ભાગદોડ માટે મુખ્ય રીતે પાંચ કારણ જવાબદાર રહ્યા છે. પ્રથમ કારણ એ છે કે મોટી સંખ્યામાં લોકો પહોંચી ગયા હતા. મોની અમાસના દિવસે આશરે ત્રણ કરોડ શ્રદ્ધાળુ પહોંચ્યા હતા. શાહી સ્નાન દરમિયાન પણ લોકોની સંખ્યા એટલી વધી ગઈ હતી કે પોલીસને ભારે જહેમત ઉઠાવવી પડી હતી. જાણકાર લોકોનું કહેવું છે કે તમામ લોકોને અલ્હાબાદથી બહાર પ્રતાપગઢ અથવા તો જૌનપુર જેવી જગ્યા ઉપર રોકવાની જરૂર હતી. શાહી સ્નાન વેળા પણ લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. બીજી કારણ રેલવે સ્ટેશન ઉપર ક્ષમતા કરતા વધારે ભીડને ગણાવવામાં આવે છે. મેળા ક્ષેત્રમાંથી લોકો આગળ વધ્યા બાદ વહીવટી તંત્રને એ બાબત ઉપર ધ્યાન આપવાની જરૂર હતી કે અંધાધૂધી ન ફેલાઈ જાય. લોકોને વહેલી તકે મેળા ક્ષેત્રમાંથી બહાર



લઈ જવા ઉપર તંત્રએ ધ્યાન આપ્યું હતું અને લોકો પરત ફર્યા હતા જેના લીધે લોકો રેલવે સ્ટેશન ઉપર આગળ વધ્યા હતા. વધારે લોકો એક સાથે ન પહોંચે તે માટે અચડણો પણ મૂકવામાં આવી હતી. લોકોને અટકાવવામાં પણ આવ્યા ન હતા. લોકોને બીજી તરફ ડાઈવર્ટ પણ કરવામાં આવ્યા ન હતા. સ્ટેશનની ક્ષમતા કરતા વધુ લોકો પહોંચી ગયા હતા. ત્રીજા કારણમાં શંકલનના અભાવને પણ જવાબદાર ગણવામાં આવે છે. મેળા પોલીસ, સ્થાનિક પોલીસ અને રેલવે પોલીસ વચ્ચે સંકલનની સ્થિતિ ન હતી. સંકલનની સ્થિતિમાં લોકોને જુદી જુદી જગ્યાએ રોકી શકાયા હોત. રેલવે પોલીસની વર્તન પણ યોગ્ય રહ્યું ન હતું. મેળા દરમિયાન જે રીતે સ્થાનિક પોલીસને લોકો સાથે સંયમ જાળવી રાખવા અને સારુ વર્તન કરવા ટ્રેનીંગ આપવામાં આવી હતી તેવું વર્તન કરાયું ન હતું. પોલીસે ઉતાવળમાં તમામ લોકોને ઝડપથી બહાર કાઢ્યા હતા જેથી લોકો નારજ થયા હતા અને અફડા તફડી મચી ગઈ હતી. પાંચમાં કારણમાં ઈમરજન્સી યોજનાના અભાવને જોવામાં આવે છે. જ્યારે પણ કોઈ ઈમરજન્સી સ્થિતિ થાય છે ત્યારે તંત્ર પાસે બે-ત્રણ પ્લાન હોય છે. પરંતુ આ વખતે આવી કોઈ વ્યવસ્થા ન હતી. ઘટનાના બે કલાક બાદ સુધી એમ્બ્યુલન્સ પહોંચી ન હતી. સ્ટેચરની વ્યવસ્થા પણ ન હતી. ઘાયલોને વસ્ત્રોમાં લાદીને હોસ્પિટલ લઈ જવાયા હતા. ઈમરજન્સી યોજના અમલી બનાવી હોત તો ઘણા લોકોને ચોક્કસપણે બચાવી શકાયા હોત.

**કયાં ૫ કારણ જવાબદાર**

- મોટી સંખ્યામાં લોકો એકત્રિત થવાનું કારણ. શાહી સ્નાનના ભાગરૂપે વધુ લોકો એકત્રિત થતા ક્ષમતા કરતા વધુને લીધે અવ્યવસ્થા સર્જાઈ
- રેલવે સ્ટેશન પર ક્ષમતા કરતા વધુ ભીડ
- મેળા પોલીસ, સ્થાનિક પોલીસ અને રેલવે પોલીસ વચ્ચે સંકલનની સ્થિતિ ન હતી
- રેલવે પોલીસનું વર્તન શ્રદ્ધાળુઓ સાથે યોગ્ય ન હતું.
- મહાકાય ધાર્મિક ઉત્સવ હોવા છતાં ઇમરજન્સી યોજના અમલી ન હતી

## ફાઈનાન્સિયલ શેરોમાં કડાકો બોલાયો : ભારે નિરાશા વ્યાપી

મુંબઈ,તા. ૧૧

શેરબજારમાં સતત આઠમા સેશનમાં આજે મંદીનું મોજુ રહ્યુ હતુ. શેરબજાર મંદી સાથે બંધ રહેલા કારોબારીઓમાં ચિંતાનું મોજુ ફરી વળ્યુ છે. આઈટીસી અને પસંદગીના ફાઈનાન્સિયલ શેરમાં પ્રોફિટ બુકિંગની સ્થિતિ સર્જાઈ હતી. સેન્સેક્સ ૨૪ પોઈન્ટ ઘટીને ૧૯૪૬૦ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી છ પોઈન્ટ ઘટીને ૫૮૯૮ની સાપટીએ રહ્યો હતો. દરમિયાન બ્રોડર માર્કેટમાં પણ અફરાતફરી રહી હતી. સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૩૫ ટકા અને મિડકેપ ઈન્ડેક્સમાં ૦.૨ ટકાનો ઘટાડો રહ્યો હતો. ઈક્વિટી ટ્રેડિંગ સરેરાશ કરતા નબળી સ્થિતિમાં રહેતા અફડાતફડી રહી હતી. સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરવામાં આવે તો ઓઈલ એન્ડ ગેસ, એફએમસીજી, આઈટી, કેપિટલ ગુડ્સમાં નકારાત્મક સ્થિતિ રહી હતી. આ તમામમાં ૦.૨થી ૦.૯ ટકાનો ઘટાડો રહ્યો હતો. બીજીબાજુ રિયાલિટી, હેલ્થકેર, પાવર, બેકેક્સ અને કન્ઝ્યુમર ડ્યુરેબલમાં ૦.૨થી ૦.૮ ટકાનો સુધારો થયો હતો. સેન્સેક્સના જે શેરમાં ઉછાળો નોંધાયો હતો તેમાં ડોક્ટર રેડ્ડી લેબ, હિન્ડાલ્કો, સ્ટરલાઈટ, હિન્દુસ્તાન યુનિલિવર, તાતા મોટર્સ અને એચડીએફસી બેંકનો સમાવેશ થાય છે. આ તમામમાં ૧-૨ ટકાનો ઉછાળો રહ્યો હતો. જે શેરમાં ઘટાડો રહ્યો હતો તેમાં મારૂતિ સુઝુકી, ઓએનજીસી, જિંદાલ એસ્ટેટ, ભારતી એરટેલ, એલએન્ડટી, આઈટીસીનો સમાવેશ થાય છે. આ તમામમાં ૧-૨ ટકાનો ઘટાડો રહ્યો હતો. હિરો મોટો, આઈસીઆઈસીઆઈ બેંક, ટીસીએસ, ગેઈલ ઈન્ડિયામાં પણ ઘટાડો રહ્યો હતો. માર્કેટ બ્રિથની વાત કરવામાં આવે તો કારોબાર નબળો રહ્યો હતો. ૮૫૪ શેરમાં મંદી અને ૮૩૨ શેરમાં તેજી રહી હતી.

## પ્રણવે ૭ માસમાં ત્રણ શખ્સ માટે મૃત્યુદંડનો હુકમ કર્યો

નવી દિલ્હી,તા. ૧૧

સંસદ પર ભીષણ આતંકવાદી હુમલામાં અપરાધી રહેલા મોહમંદ અફઝલ ગુરુને ફાંસી આપી દેવામાં આવ્યા બાદ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીની ચર્ચા વધુ જોવા મળી રહી છે. પ્રણવ મુખરજી ઝડપથી ગુનેગારોને સજા કરવા અને ઝડપથી ન્યાય આપવા આગળ વધી રહ્યા હોવાની ચર્ચા છેડાઈ ગઈ છે. પ્રણવ મુખરજીએ છેલ્લા છ મહિનાના ગાળામાં ત્રણ અપરાધી માટે મૃત્યુદંડની સજાનો આદેશ કર્યો છે. પ્રણવે સાત મહિનાના ગાળામાં ત્રણ દયાની અરજીઓને ફગાવી છે. જ્યારે પ્રતિભા પાટિલે પાંચ વર્ષના ગાળામાં ત્રણ અરજીઓ ફગાવી હતી. એપીજે અબ્દુલ કલામે પાંચ વર્ષના ગાળામાં એક અરજી ફગાવી હતી. આવી જ રીતે કે આર નારાયણન કોઈપણ દયાની અરજીને ફગાવી ન હતી. છેલ્લા ૧૫ વર્ષમાં કોઈપણ રાષ્ટ્રપતિ કરતા વધુ ઝડપથી પ્રણવ મુખરજી



આગળ વધી રહ્યા છે. તેમના પૂર્વગામી પ્રતીભા પાટિલે ત્રણ કેસમાં પાંચ મૃત્યુદંડના અપરાધીઓની દયાની અરજીને ફગાવી હતી.

સુપ્રીમ કોર્ટ સમક્ષ પેન્ડીંગ રહેલા ચાર અપરાધીઓ પૈકી બે કેસ હજુ પણ ઉકેલાયા નથી. પ્રણવ મુખરજીએ અતિ ઝડપથી મુંબઈના આતંકવાદી હુમલાના અપરાધી અજમલ કસાબની દયાની અરજી ૫મી નવેમ્બર ૨૦૧૨ના દિવસે ફગાવી દીધી હતી. આ ઉપરાંત ૩જી ફેબ્રુઆરીના દિવસે અફઝલ ગુરુની ફાંસીને મંજૂરી આપતા પહેલાં ૪થી જાન્યુઆરીએ સાઈ બન્ના નિનગપ્પા નાટિકરની અરજીને પણ ફગાવી દીધી હતી. પ્રણવે સંપાત્તિના વિવાદમાં ત્રણ સગાસંબંધીની હત્યા કરવા માટે અપરાધી રહેલા અતબિરની મૃત્યુદંડની સજાને ઘટાડી દીધી હતી. તેમના પૂર્વગામી કે આર નારાયણ, એપીજે અબ્દુલ કલામ અને પ્રતિભા પાટિલ કરતા આ નિર્ણયો વધુ ઝડપથી થયા છે. નારાયણે કોઈ પણ દયાની અરજીને ફગાવી ન હતી. કલામે એક માત્ર અપરાધીની મૃત્યુદંડની સજાને મંજૂરી આપી હતી.

જ્યારે પાટિલે ચાર રેપિસ્ટ કિલરો સહિત ૩૪ અપરાધીઓની દયાની મંજૂરી આપી હતી. ત્રણને ફગાવી દીધી હતી. પાટિલે વર્ષ ૧૯૯૩માં નવની હત્યા કરવા બદલ અપરાધી રહેલા દેવિન્દ્રસિંહ ભુલ્લરની દયાની અરજીને ફગાવી દીધી હતી. પ્રતિભા પાટિલે ત્રીજી અરજી મહેન્દ્રનાથ દાસની ફગાવી હતી. તેના ઉપર હત્યાનો આરોપ હતો. ભુલ્લર અને રાજીવ ગાંધીના હત્યારાના કેસ સુપ્રીમ કોર્ટ સમક્ષ પેન્ડીંગ પડેલા છે.

**અરાજકતાને ધ્યાનમાં લઈને નિર્ણય લેવાયો**

## કાશ્મીર ખીણમાં સતત ત્રીજા દિવસે સંચારબંધી યથાવત્

શ્રીનગર,તા. ૧૧

કાશ્મીર ખીણમાં સતત ત્રીજા દિવસે સંચાર બંધી જારી રાખવામાં આવી હતી. દિલ્હીની તિહાર જેલમાં સંસદ પર હુમલાના અપરાધી અફઝલ ગુરુને ફાંસી આપવામાં આવ્યા બાદ કોઈપણ પ્રકારની હિંસા ન ફેલાઈ જાય તેની ખાતરી કરવાના હેતુસર સંચાર બંધી લાદવામાં આવી છે. અફઝલને ફાંસી આપવામાં આવ્યા બાદ પ્રથમ દિવસે વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી જેમાં ઘણા લોકો ઘાયલ થયા હતા. ગઈકાલે નવ લોકો ઈજાગ્રસ્ત થયા હતા અને અન્ય બે લોકો ઘાયલ થયા હતા. કારણ કે સુરક્ષાદળો અને દેખાવકારો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવી રાખવા વધારાના સુરક્ષાદળો તૈનાત કરવામાં આવ્યા છે. સુરક્ષાદળો અને દેખાવકારો વચ્ચે હિંસક અથડામણના લીધે અંધાધૂધી પણ ફેલાયેલી છે. પોલીસનું કહેવું છે કે જ્યાં સુધી સ્થિતિ સાનુકૂળ બનશે નહીં ત્યાં સુધી સંચાર બંધી જારી રાખવામાં આવશે. શ્રીનગર-મુજફરાબાદ હાઈવે ઉપર પણ સંચારબંધીનો ભંગ કરીને દેખાવકારો શેરીઓમાં આવી ગયા હતા. સત્તાવારાઓએ જુદી જુદી કલમો પણ અમલી બનાવી છે. પોલીસે કહ્યું છે કે હાલમાં કોઈપણ તક લેવા માગતા નથી. બીજી બાજુ અફઝલ ગુરુના પરિવારના સભ્યોએ તેના ચશ્મા, વસ્ત્રો અને રેડિયોની માંગ કરી છે પરંતુ જેલના અધિકારીઓનું કહેવું છે કે આ સંબંધમાં સરકાર દ્વારા હજુ સુધી કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. સંસદ પર ૨૦૦૧માં થયેલા આતંકવાદી હુમલામાં અપરાધી રહેલા અફઝલ ગુરુને શનિવારના દિવસે તિહાર જેલમાં ફાંસી આપી દેવામાં આવી હતી. ત્યારબાદ તેની જેલમાં જ દફનવીધી કરવામાં આવી હતી. અફઝલને લઈને હાલમાં દેશભરમાં હોબાલો મચેલો છે. તેને ફાંસી પરિવારને જાણ કર્યા વગર આપી દેવામાં આવી હતી તેવો આક્ષેપ પણ પરિવારના સભ્યો દ્વારા કરવામાં આવ્યો છે.

## સ્વાઈન ફ્લૂ બેકાબૂ : મોતનો આંક સતત વધતાં તંત્ર ચિંતિત

નવી દિલ્હી,તા. ૧૧

સ્વાઈન ફ્લૂના આતંકને રોકવામાં હજુ સુધી સફળતા મળી નથી. સ્વાઈન ફ્લૂના કારણે વધુને વધુ લોકો સંકંજામાં આવી રહ્યા છે. મોતનો આંકડો અતિ ઝડપથી વધી રહ્યો છે. દિલ્હી સાથે સંકળાયેલા નોયડામાં સ્વાઈન ફ્લૂથી બે વધુ લોકો સંકંજામાં આવી ગયા છે જ્યારે ફરિદાબાદમાં સ્વાઈન ફ્લૂના કારણે ૩૭ લોકો સંકંજામાં આવી ગયા છે. ગુજરાતના જામનગરમાં બે અને રાજકોટમાં સ્વાઈન ફ્લૂથી એકનું મોત થયું છે જેથી હજુ સુધી સ્વાઈન ફ્લૂના લીધે સત્તાવાર રીતે ૯૮ લોકોના મોત થઈ ચૂક્યા છે. બિનસત્તાવાર રીતે મોતનો આંકડો વધારે છે. ગુજરાતમાં સ્વાઈન ફ્લૂથી વધુ બે લોકોના મોત થયા છે. જામનગરમાં એક સરકારી હોસ્પિટલમાં સ્વાઈન ફ્લૂથી બેના મોત થયા છે. જિલ્લા આરોગ્ય અધિકારી જે જે પંડ્યાએ કહ્યું હતું કે ૨૩ વર્ષીય સલમા આબીદ અને ૫૭ વર્ષીય કરસન કજારીયાનું હોસ્પિટલમાં મોત થયું છે. જિલ્લામાં





આ વર્ષે સ્વાઈન ફ્લૂના લીધે મોતનો આંકડો સાત ઉપર પહોંચી ગયો છે.

બીજી બાજુ કાશ્મીર ખીણમાં સ્વાઈન ફ્લૂના વધુ બે મામલા સપાટી પર આવ્યા છે. થોડાક દિવસ પહેલાં જ સ્વાઈન ફ્લૂના કારણે એક વ્યક્તિનું મોત થયું હતું. ખીણમાં એસએમજીએસ હોસ્પિટલના અધિકારીએ કહ્યું છે કે અમે હોસ્પિટલમાં સ્વાઈન ફ્લૂના બે શંકાસ્પદ દર્દીઓની સારવાર કરી રહ્યા છીએ. સ્વાઈન ફ્લૂથી માત્ર ચોક્કસ વિસ્તારો જ પ્રભાવિત થયા નથી. દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં પણ સ્વાઈન ફ્લૂએ સંકંજો જમાવી દીધો છે. મુંબઈમાં સ્વાઈલ ફ્લૂના બે શંકાસ્પદ કેસ સપાટી પર આવતા તમામ હોસ્પિટલમાં એલર્ટની જાહેરાત કરી દેવામાં આવી છે. દેશભરમાં હજુ સુધી સ્વાઈન ફ્લૂથી મોટી સંખ્યામાં લોકોના મોત થઈ ચૂક્યા છે. આરોગ્ય તંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલાં લેવામાં આવ્યા હોવા છતાં આ રોગને રોકવામાં સફળતા મળી નથી. સ્વાઈન ફ્લૂનો આતંક અકબંધ રહ્યો છે.

**રવિશંકર તરફથી પુત્રીઓએ સન્માન મેળવ્યું**

## સિતારના જાદુગર રવિશંકરને મરણોપરાંત હવે ગ્રેમી સન્માન

લોસ એન્જલસ,તા. ૧૧

સિતારના જાદુગર પંડિત રવિશંકરને મરણોપરાંત પ્રતિષ્ઠિત ગ્રેમીમાં લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. તેમના તરફથી તેમની પુત્રી અનિષ્કા શંકર અને નોરાજોન્સે આ સન્માન સ્વીકાર કર્યો હતો. અનુષ્કા પોતે પણ સિતારમાં એક જાણીતી કલાકાર તરીકે રહી છે. નોરા પણ એક ગાયિકા અને લેખિકા તરીકે જાણીતી થઈ ચૂકી છે. ગ્રેમીના મુખ્ય કાર્યક્રમ પહેલા યોજાયેલા એક કાર્યક્રમમાં બંનેએ પોતાના પિતા તરફથી આ સન્માન મેળવવા માટે પહોંચી હતી. તેમની પુત્રી નોરાજોન્સ પણ નવ ગ્રેમી એવોર્ડ જીતી ચૂકી છે. આ સન્માન સ્વીકારી લીધા બાદ નોરાજોન્સે કહ્યું હતું કે આ સન્માન મેળવીને તે ખૂબ જ ખુશ અનુભવ કરી રહી છે. સંગીત તેમની



શ્વાસમાં છે. નાસ્તાના ટેબલ ઉપર પણ સંગીતની ધૂન ચાલ્યા કરે છે. પંડિત રવિશંકર પોતે પણ નાસ્તાના ટેબલ ઉપર સંગીતની ધૂન વગાડતા હતા. એ વખતે તેની વય માત્ર સાત સાલની હતી. આ એવોર્ડ સ્વીકારીને તે ગર્વ અનુભવ કરી રહી છે. આ પ્રસંગે અનુષ્કાએ કહ્યું હતું કે તે ખૂબ જ ગર્વ અનુભવ કરી રહી છે. લાઈફટાઈમ એચીવમેન્ટ મેળવવાની બાબત સન્માનની બાબત છે. રવિશંકરને પશ્ચિમી દેશોમાં પૂર્વીય સંગીતને લોકપ્રિય બનાવવા માટે જવાબદાર તરીકે ગણવામાં આવે છે.

## સમાચાર ઝલક

- આઝમખાન કુંભ મેળાની દુર્ઘટનાથી પ્રભારી પદેથી રાજીનામું આપ્યું.
- કેરાલામાં રાજયસભાના ઉપાદયક્ષ કુરીયન સામે દેખાવો.
- મમતા બેનર્જી પત્રકારો ઉપર ગુસ્સામાં.
- દિલ્હીમાં દિન-પ્રતિદિન વધતો ગુનાખોરીનો આંક.
- તાપી જિલ્લામાં એક આદિવાસી યુવાનનાં શરીરમાં આરપાર વાંસ ખુપી ગયો. તબીબો ચોંક્યા.
- અમેરિકામાં કુદરતી તોફાનથી જીવન વ્યવહાર ખોરવાયો.
- રતન ટાટા ઉધોગપતિને અમેરિકામાં વધુ એક એવોર્ડ મળ્યો.
- પંડિત રવિશંકરને સંગીતનો વધુ એક એવોર્ડ એનાયત થયો.
- દેશભરમાં ધીમી ગતિએ પ્રવેશી રહેલો સ્વાઇન ફ્લુ, ૪૦નાં મોત.
- સાબરમતી જેલમાંથી ખૂંખાર કેદીઓએ ભાગવા સુરંગ ગોઠવવાનો પ્રયાસ ઝડપાયો.
- ખેડૂતો માટે લોન માફી યોજના લાવવામાં આવશે.
- નાઇજીરીયામાં ૩ એશિયન ડોકટરોની હત્યા.
- કુંભમેળામાં અલ્હાબાદ રેલ્વે સ્ટેશન પરથી દુર્ઘટનામાં ૪૦થી વધુ યાત્રાળુઓનાં મોત. ૫ લાખની મહેરૂની રૂએ સહાય.
- ભાવનગર જિલ્લામાં શિક્ષકો પાસેથી લાંચ લેતાં કેળવણી નિરીક્ષક ઝડપાયા, તાલુકા વિકાસ અધિકારી ફરાર.

**વિચાર યાત્રા** (પાના નં. ૪ નું ચાલુ)

૨૦૦૮માં લેખના સંગ્રહનું એક પુસ્તક ‘અને એવું બધું...’ પણ ઇશ્વર કૃપાથી પ્રગટ થયું.

“વિચાર યાત્રા” ને કારણે ઘણા ફાયદા થયા છે. ઉંમર કરતા વધુ પાકટતા સંજોગોએ આપી છે, તો ‘વિચારયાત્રા’ને કારણે આ પાકટતા પચાવી શક્યો છું.

બાકી પેટ ભરવા માટે લખાયેલા આ લેખો નથી. પણ મન ભરવા માટે કે ભરાઇ ગયેલું મન ખાલી કરવા માટે તથા આ રીતે ખાલી થયેલા મનને સભર કરવા માટે લખાયેલા આ લેખો છે.

સિસ્ટમ પ્રત્યેનો આક્રોશ સમાજમાં દીધેલા ઘાવ સામે બળવો પોકારવા થનગની ઉઠતો તમારો આત્મા, શબ્દથી જ સામેવાને ઢેન કરી દેવા સમર્થ છે.

લખતા-લખતા હું પોતે જ કાંઇક સતત નવું શીખતો જતો હોઉં તેઓ અનુભવ થતો રહે છે, જયારે પરિસ્થિતિ અને સંજોગોથી લાચાર થઇ જવાય ત્યારે એટલીસ્ટ મનની એ છટપટાહટ અને ઝંઝાવાતને કાગળ પર ઉતારી દેવાથી થોડીક રાહત અનુભવાય છે. તો વળી સમાજનો કે રાષ્ટ્રનો કોઇ ચિરંતન પ્રશ્ન ઉપસ્થિત કરીને તેને ચર્ચીને શબ્દ દેહ મળે ત્યારે સમાજ પ્રત્યેનું કાંઇક ઋણ અદા કર્યું હોય તેવી લાગણી થાય છે.

મૂક પ્રેક્ષક બનીને ફક્ત તમાશો જોઇને તાળી પાડે રાખવી પડે એવો વરવસો નથી રહેતો. જલધિમાં એક બિંદુની પણ અંજલિ આપવાની તક આ વિચાર યાત્રાને કારણએ સાંપડી છે, આશા રાખું છું કે મારા આ પ્રયત્નને આપ વાચકોએ જે રીતે સહર્ષ સ્વીકાર્યો છે, તેને આગળ પણ પ્રોત્સાહિત કરતો રહેશો...

## હવે ફ્યુઅલ રિટેલર્સને ૨૫૦૦૦ કરોડની રોકડ સબસિડી ચૂકવાશે

**આઈઓસી, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન, હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશનને રકમ મળશે : ઓછી કિંમતે પેટ્રોલિયમ પેદાશો બદલ જંગી રકમ અપાશે**

નવી દિલ્હી,તા. ૧૧

સરકાર ફ્યુઅલ રિટેલર્સને ઓટો અને કુકિંગ ફ્યુઅલ ખર્ચ કરતા ઓછી કિંમતે વેચવા બદલ ૨૫૦૦૦ કરોડની વધારાની રોકડ સબસિડી આપવાની તૈયારી બતાવી છે. નાણાં મંત્રાલય દ્વારા સાતમી ફેબ્રુઆરીના દિવસે કમ્ફર્ટ લેટર જારી કરીને આ અંગેની વાત કરવામાં આવી હતી. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન, હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન માટે ૨૫૦૦૦ કરોડ રૂપિયા મંજુર કરવામાં આવ્યા છે. ખર્ચ કરતા ઓછી કિંમતે ડિઝલ, એલપીજી અને કેરોસીન વેચવા બદલ ફ્યુઅલ રિટેલર્સને થયેલા નુકસાન બદલ આ રકમ મંજુર કરવામાં આવી છે. અગાઉ સરકારે ૩૦૦૦૦ કરોડની સબસિડી જારી કરી હતી. નવેસરની મંજુરીની સાથે જ ૧૨૪૮૫૪ કરોડની મહેસૂલી રકમ પૈકી ૪૪ ટકા રકમને પહોંચી વળવામાં આવી છે. ત્રણેય કંપનીઓને ઓટો અને કુકિંગ ફ્યુઅલ ઓછી કિંમતે વેચવા બદલ ભારે નુકસાન થયુ હતુ. નવેસરની મંજુરીના ભાગરૂપે આઈઓસીને ૧૩૪૭૪.૫૬ કરોડ રૂપિયા મળશે. જ્યારે બીપીસીએલને ૫૯૮૭.૨૫ કરોડ રૂપિયા મળશે. જ્યારે એચપીસીએલને ૫૫૩૮.૧૯ કરોડ રૂપિયા મળશે. સૂત્રોનું કહેવું છે કે નાણાં મંત્રાલય દ્વારા માત્ર કમ્ફર્ટ લેટર જારી કરાયો છે જેમાં જરૂરી વાત કરાઈ છે. ડિઝલ, એલપીજી અને કેરોસીન ઉપર મહેસૂલરૂપે આઈઓસી, બીપીસીએલ અને એચપીસીએલ ૩૯૨૬૮ કરોડ રૂપિયાનું નુકસાન થયુ છે. ઓક્ટોબર અને ડિસેમ્બરના ત્રિમાસિક ગાળામાં સરકારે ઘણીબધી પહેલ કરી હતી. નાણાં મંત્રાલયે ઓઈલ રિટેલર્સને રોકડ સબસિડીની ચૂકવણી કરવી પડે છે. ઓએનજીસી, ઓઆઈએલ, ગેઈલ ઈન્ડિયા લિમિટેડ ક્રુડ ઓઈલ અને એલપીજી પ્રોડક્ટ જેવી પેદાશોનું ડિસ્કાઉન્ટમાં ઓફર કરે છે. અગાઉ ૩૦૦૦૦ કરોડની રકમમાં આઈઓસીને ૧૬૧૦૦ કરોડ રૂપિયા મળ્યા હતા. એચપીસીએલ અને બીપીસીએલને ક્રમશઃ ૬૬૭૦-૭૨૦૦ કરોડ રૂપિયા મળ્યા હતા.

## પાર્ટીસીપેટ્રી નોટ રોકાણ ૨૮ અબજ ડોલર થયુ

મુંબઈ,તા. ૧૧

પાર્ટીસિપેટ્રી નોટ મારફતે ભારતીય બજારમાં વિદેશી મૂડીરોકાણ સતત વધી રહ્યુ છે. આ આંકડો ૨૦૧૨ના અંતમાં ૨૮ અબજ ડોલરની સપાટી પર પહોંચ્યો હતો. સિક્યુરીટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરવામાં આવેલા નવેસરના આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. અહેવાલમાં જણાવવામાં આવ્યુ છે કે ભારતીય બજારમાં પીનોટ મૂડીરોકાણની કુલ કિંમત ૧૫૧૦૮૪ કરોડ સુધી પહોંચ્યો છે. જોકે ડિસેમ્બરનો આંકડો નવેમ્બરના ૧.૭૭ લાખ કરોડના કુલ રોકાણ કરતા ઓછો રહ્યો છે.

ઓક્ટોબર મહિનામાં કુલ મૂડીરોકાણ ૧.૭૫ લાખ કરોડની આસપાસનો રહ્યો હતો. વિદેશી એચએન્ડઆઈ, હેજ ફંડ અને અન્ય વિદેશી સંસ્થાઓ દ્વારા ઉપયોગ કરાતા વિદેશી રોકાણને લઈને રોકાણકારો ઉત્સુક દેખાય છે.